# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૧૧-૫-૨૦૧૨**

આફ્રિકાના અંગોલા દેશના સન્ડેસીટી શહેરથી ૪૦ કિ.મી. દૂર આવેલા સુંબે (Sumbe) સિમેન્ટ પ્લાન્ટમાં ૪૦ જેટલા ગુજરાતી યુવાનો ફસાયા છે. ઈટીએ સ્ટાર ઈન્ટરનેશનલ એલ.એલ.સી. કંપની, ચેન્નાઈ દ્વારા ઊંચા પગારની લાલચ આપીને ગુજરાતમાંથી ૪૦ જેટલા ગુજરાતી યુવાનોને અંગોલા લઈ જવાયા હતા. સિમેન્ટ પ્લાન્ટમાં કામ કરતા લોકોને છ મહિનાથી પગાર ન મળતા કામદારોએ હડતાળ પાડી હતી. હડતાળ પડાયા બાદ પોલીસ દ્વારા કામદારો ઉપર આડેધડ ગોળીબાર અને અત્યાચાર ગુજારવામાં આવ્યા અને કેટલાકને જેલમાં નાંખવામાં આવેલ છે અને કેટલાક કામદારો જીવ બચાવવા જંગલમાં આશ્રય લઈ રહ્યા છે. આ સમાચારો પ્રાપ્ત થતાં અસરગ્રસ્ત પરિવારો પૈકીના પેટલાદ ખાતેના શ્રી વિજય ચીમનભાઈ વાલ્મિકીના પરિવારની ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે આજે રૂબરૂ મુલાકાત લીધી હતી. પેટલાદમાં આ પરિવારના યુવાન વિજય ચીમનલાલ વાલ્મિકીને દર મહિને રૂપિયા ૩૨,૦૦૦ પગાર મળશે તેમ કહીને આફ્રિકા લઈ જવામાં આવ્યા હતા. ઈટીએ સ્ટાર ઈન્ટરનેશનલ કંપનીના વડોદરા ખાતેના એજન્ટ સતીષભાઈ મારફત ગુજરાતી યુવાનોને આફ્રિકા લઈ જવામાં આવ્યા હતા. આફ્રિકામાં ફસાયેલા આ ગુજરાતીઓને તાત્કાલિક મદદરૂપ થવા માટે વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે પેટલાદ જઈને જાતમાહિતી મેળવી હતી. પેટલાદ ખાતેથી મેળવેલ માહિતી તેમજ અંગોલા ખાતેના કેટલાક કામદારો સાથે મોબાઈલ ઉપર વાત કરીને વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ભારત સરકારના વિદેશ મંત્રીશ્રી તેમજ અંગોલા ખાતેની ઈન્ડિયન એમ્બેસીને ગુજરાતના આ યુવાનોને તાત્કાલિક મદદરૂપ બનવા માટે વિનંતી કરી છે. વિરોધપક્ષના નેતા સાથે સ્થાનિક ધારાસભ્યશ્રી નિરંજનભાઈ પટેલ તેમજ અન્ય આગેવાનો પેટલાદ ખાતે અસરગ્રસ્ત પરિવારોને સાંત્વના આપવા માટે જોડાયા હતા.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**
અંગત મદદનીશ